વડાગામના ગાયત્રીકંપામાં હનુમાનજી મંદિરે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ગાયત્રી કંપામાં સમસ્ત ગ્રામજનોના ઉપક્રમે નવનિર્મિત સંકટમોચન એવા હનુમાન દાદાના મંદિરે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવમાં ગ્રામજનોમાં ભારે જહેમત ઉઠાવી હતી. ધનસુરા તાલુકાના વડાગામના ગાયત્રી કંપામાં હનુમાનજી મંદિરે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. આ મહોત્સવનો પ્રારંભ તા. ૧૩-૫-૧૫ થી કરાયો હતો અને તા. ૧૫-૫-૨૦૧૫ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંત શિવાનંદતીર્થ મહારાજ, મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજ (સુંદરપુરા), મહંત મોહનદાસજી, ગુરૂ કરશનદાસજી મહારાજે સમગ્ર કાર્યક્રમમાં ભક્તિ રસપાન કરાવી કાર્યક્રમની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. **(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)**

મોડાસામાં દુર્ગાવાહીનીના શૌર્ય પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

વિશ્વ હિન્દુ પરિષદના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે ઉત્તર ગુજરાતના ૨૦ જિલ્લાની દુર્ગાવાહીનીઓનો શૌર્ય પ્રશિક્ષણ વર્ગ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સુવર્ણ જયંતિ વર્ષ દરમ્યાન વિવિધ સામાજિક-ધાર્મિક અને સંસ્થાગત કાર્યક્રમો હાથ ધરાયા છે. મોડાસાના કચ્છ કડવા કન્યા છાત્રાલય ખાતે વીએસપી દ્વારા ઉત્તર ગુજરાતના ૨૦ જિલ્લાની દુર્ગાવાહીનીનો શૌર્ય પ્રશિક્ષણ વર્ગ યોજવામાં આવ્યો છે. આ શૌર્ય પ્રશિક્ષણ વર્ગ તા. ૧૪મી મે થી પ્રારંભ કરાયો છે અને તા. ૨૧મી મે ના રોજ તેની પુર્ણાહુતિ કરાશે.

શૌર્ય પ્રશિક્ષણ વર્ગના ઉદ્ઘાટન સમારંભમાં સંસ્થાના કેન્દ્રિય મંત્રી અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાન્ત મંત્રી અશ્વિનભાઈ પટેલ, સહમંત્રી જયંતિભાઈ પટેલ, બ્રહ્માકુમારીઝના જ્યોતિબેન, દુર્ગાવાહીની સંયોજીકા હેતલબેન પટેલ, સહસંયોજીકા કલ્પનાબેન ત્રિવેદી, વીણાબેન રાજપૂત સહિત અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શૌર્ય પ્રશિક્ષણ વર્ગમાં ૨૦ જિલ્લામાંથી ૧૫૦ થી વધુ શિબિરાર્થી બહેનોએ સાંસ્કૃતિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ સાથે રાષ્ટ્રભાવના જાગૃત થાય તે માટે ધ્યાન-પ્રાણાયમ, યોગાસન, કરાટે, દંડબેઠક, રાયફલ ટ્રેનિંગ, રમતો, ચર્ચા સત્ર તેમજ ઓપ્ટીકલ મનોરંજનમાં ભાગ લેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્તર ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી જીતુભાઈ મહેતા, ભીમગીરી ગોસ્વામી, જિલ્લામંત્રી કિરીટભાઈ શાહ, કોષાધ્યક્ષ રામભાઈ પટેલ, સહમંત્રી મહેશભાઈ ભાવસાર, મહિલા સંયોજક લત્તાબેન ભાવસાર, પ્ર. મંત્રી કનુભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, પ્રિયંકભાઈ, રમણભાઈ, સિદ્ધાર્થભાઈ, રાધેશ્યામ ભાટીયા તેમજ વીએચપીના સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

રતનપુર ચેક પોસ્ટ પાસેથી ૧૯ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

એકની ધરપકડ : અન્ય એક આરોપી ફરાર થઈ જતાં ફરાર આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી

મોડાસા, તા.૧૬

ગુજરાત રાજય પોલિસ દ્વારા વિદેશી દારૂ ઝડપી પાડવા સઘન ચેકિંગ હાથ ધર્યું હોવા છતાં બુટલેગરો બેફામ રીતે ગુજરાત રાજયમાં વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. શામળાજી પોલિસ દ્વારા સતત અને સઘન પેટ્રોલિંગે બુટલેગરોની ઉંઘ હરામ કરી નાખી છે. આજે શામળાજી પોલિસ સ્ટેશનના પોસઈ ઉદાવતે રતનપુર ચેક પોસ્ટ નજીકથી ૧૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી જયારે અન્ય એક આરોપી ફરાર થઈ જતાં ફરાર આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

સુપ્રસિધ્ધ પ્રવાસધામ શામળાજી નજીક આરટીઓ ચેકપોસ્ટ નજીક આજે કન્ટેઈનરમાં વિદેશી દારુ છુપાવીને ગુજરાતમાં ઘુસાડવા માટે કન્ટેઈનર ચાલકે પોતાના કબ્જા હેઠળના કન્ટેઈનરમાં અંદરની જગ્યાએ છુપાવીને રાખેલી વિદેશી દારૂને શામળાજી પોલિસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. ઉદાવત અને તેમની ટીમે આજે વહેલી સવારથી જ રતનપુર ચેક પોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

આજે બપોરે ૧૨.૩૦ કલાકે એક કન્ટેઈનરની તલાશી લેતા શામળાજી પોલિસ ચોંકી ઉઠી હતી. હરિયાણાના બે શખ્સો દ્વારા કન્ટેઈનરમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં સપ્લાય કરવામાં આવી રહ્યો હતો ત્યારે કન્ટેઈનરને ઝડપી લઈ વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઝડપી હરિયાણાના પરવિન ઈમરતલાલ ચમાર (રહે. હરિયાણા)ને ઝડપી પાડયો હતો જયારે અન્ય એક નરેન્દ્ર નામનો શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. આમ વિદેશી દારુ કિંમત રૂ. ૧૯,૦૫,૬૦૦ અને ટ્રક કન્ટેઈનરની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ સાથે કુલ ૨૯,૦૬,૯૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. શામળાજી પોલીસે પ્રોહીબીશન એકટ હેઠળ એક આરોપીને ઝડપી પાડી અન્ય એક ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

રેલ્વે પ્રોજેક્ટ કાંડમાં સામેલ રાધેશ અન્ય કેસમાં આરોપી

સ્ટીલ કૌભાંડમાં પણ ભટ્ટની સીધી સંડોવણી : મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ઝડપાયેલા તત્કાલિન મેનેજર ભટ્ટની હજુ સુધી સ્ટીલ કૌભાંડમાં પુછપરછ કરવામાં આવી નથી

ગાંધીનગર, તા.૧૬

મેગા રેલ પ્રોજેક્ટમાં ઝડપાયેલા તત્કાલિન સિનિયર મેનેજર રાધેશ ભટ્ટ નામના શખ્સની અન્ય કેસમાં પણ સીધી સંડોવણી રહેલી છે. તે સ્ટીલ ખરીદી કૌભાંડમાં પણ આરોપી છે. સ્ટીલ કૌભાંડના સંદર્ભમાં રાધેશ ભટ્ટની હજુ સુધી પુછપરછ કરવામાં આવી નથી. પણ તેના વિરુદ્ધમાં સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ૨.૬૨ કરોડની ઉચાયતની નામજોગ ફરીયાદ થઈ હતી. જેની તપાસ એએસથી કરી રહ્યા છે. મેટ્રોલિંક ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડ કંપનીના તાત્કાલિન સિનિયર મેનેજર કન્સ્ટ્રકશન તેમજ આ કૌભાંડના મુખ્ય આરોપી રાધેશભટ્ટ જૂન ૨૦૧૨માં મેગા કંપનીમાં જોડાયો હતો. એક વર્ષના ટૂંકાગાળામાંજ નોકરીમાંથી રાજીનામુ આપીને આના થઈ ગયો હતો. તેના વિરુદ્ધ ૨.૬૨ કરોડની ૬૦૩ મેટ્રિક ટન સ્ટિલ ખરીદીની ઉચાયત ગયા ડિસેમ્બર મહિનામાં નામ જોગ ફરિયાદ થઈ હતી.

મેગાં કંપની ધ્વારા ૧૬-૭-૧૨ની ૧૨-૮-૧૩ના સમયગાળા દરમિયાન કુલ ૩૧૮૨.૧૫ મેટ્રીક ટન રેઈન ફોર્સ મેન્ટ સ્ટિડલ કિ. ૧૪૧૫.૮૯ લાખના ખર્ચે જુદી-જુદી કંપનીમાં સ્ટિલ સ્ટોક રજિસ્ટ્રેરની તપાસ કરતાં ૨૫૭૮.૬૬ મેટ્રીક ટન સ્ટીલની નોંધ કરવામાં આવ્યું પરંતુ ૬૦૩.૪૯ મેટ્રીક ટન સ્ટિલની સ્ટોક રજિસ્ટ્રરમાં નોંધ કરવામાં આવી નહોંતી.

આ ઘટનાની તપાસ ગાંધીનગરએ એસપી ડી.કરણરાજસિંહ દ્વારા કરવામાં આવી રહ્યું છે.આ તપાસ તેમણે ગયા ફેબ્રુઆરીમાં સોપવામાં આવી હતી તે અગાઉ સ્ટિલ કૌભાંડની તપાસ અન્ય અધિકારી કરી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લા સહીત સમગ્ર રાજયમાં ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે લોકો ગરમીથી બચવા માટે વિવિધ ઉપાયો શોધી રહ્યા છે ત્યારે એક નાનું બાળક પાણીના કડાયામાં બેસી પાણી સાથે રમી રહ્યું છે અને ગરમી સામે રક્ષણ મેળવી રહ્યું છે. (તસવીર : હરેશ જોશી)

આજે જીવકલ્યાણની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સર્વ જીવ હેતુસર કામ કરતી જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા તા. ૧૭મી મે રવિવારે સાંજે પાંચ વાગે શ્રી પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડ સેકટર-૨માં શ્રી કે.બી. વ્યાસના અધ્યક્ષ પદે મળનાર છે તેમ મંત્રીશ્રી અરવિંદભાઈ કનાડાએ જણાવેલ છે.

શબ્દાવલી - ૫૭૩૨



આડી ચાવી

૧. દ્વારુની એક જાત (૩)
૪. ઘૃણા, તિરસ્કાર (૪)
૮. બળવાન, બળસહિત (૩)
૯. ધબકાર, 'થડ' એવો અવાજ (૪)
૧૦. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૨. મિત્ર, દોસ્ત (૨)
૧૩. પરિવાર સંબંધી (૫)
૧૬. મર્તબો, સન્માન (૨)
૧૭. સનસનાટીને હિન્દીમાં... કહેવાય (૪)
૧૯. ઝેર (૨)
૨૦. દહેજ (૩)
૨૨. ત્વરાથી, જલ્દી (૩)
૨૩. કરામત, કલાકારી (૪)
૨૪. દર્દી, રોગ (૨)

ઊભી ચાવી

૧. સીટી, સીસોટી (૩)
૨. બધાનું હિન્દી (૨)
૩. કલરવ, નાના છોકરાઓનો અવાજ (૪)
૪. નાકનું ઘરેણું (૨)
૫. દ્વારુ ગાળવાનું સ્થાન, ભઠ્ઠી (૨)
૬. ખરાબ અંજામ (૩)
૭. હોબાળો, સનસનાટી (૪)
૧૧. સાવ નવા, તરતનું (૪)
૧૩. આ ઋતુમાં પાન ખરી જાય (૪)
૧૪. એક સાબુનું નામ (૨)
૧૫. કસવાળુ, રસદાર (૪)
૧૬. મા-બાપ કે પિયર (૪)
૧૮. દ્વાનત, મનેખા (૩)
૨૧. યૌવન, યુવાન કાયા (૩)
૨૩. દેવુ, રીશીકપુરની એક ફિલ્મ (૨)

શબ્દાવલી ૫૭૩૧ના જવાબ

આડી ચાવી :- (૧) પંજરી (૩) તકલીફ (૬) ચાપ (૭) કાબર (૮) તકીયાકલામ (૯) કાચુ (૧૦) તિસમારખા (૧૩) જક (૧૪) રંગાટી (૧૫) આળ (૧૬) કામગરો (૧૯) જખમ (૨૦) પપકોન

ઊભી ચાવી :- (૧) પંચાત (૨) જપકી (૩) તબલા (૪) કરમ (૫) ફરજચુક (૭) કાક (૯) કાજળ (૧૦) તિરંકાજ (૧૧) સગા (૧૨) માટીકામ (૧૫) આરોપ (૧૭) ગપ (૧૮) વેન

દાહોદમાં જાન લૂંટાઈ

આઠથી ૧૦ લાખ રૂપિયાની લૂંટ થતા ચકચાર : વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ લુંટારાઓએ જાનને ઘેરી લીધી : બનાવના મામલામાં પોલીસની ઉંડી તપાસ

અમદાવાદ,તા. ૧૬

દાહોદમાં વહેલી સવારે જાન લુંટી લેવાના બનાવથી સનસનાટી મચી ગઈ છે. જાનૈયાઓને લુંટી લેવાના સમાચાર ચારેબાજુ ફેલાતા આજે દિવસ દરમિયાન આની ચર્ચા રહી હતી. મોટી સંખ્યામાં જાનૈયાઓ હતા છતાં લુંટારાઓ લુંટ ચલાવવામાં સફળ રહ્યા હતા. આધુનિસ સમયમાં જાનને લુંટી લેવાના બનાવથી તમામ લોકોમાં ચર્ચા જોવા મળી હતી. દાહોદ જીલ્લાના દેવધાગામે ખાન નદી પાસે વહેલી સવારે ૫ વાગે સુમારે લૂંટારુઓએ એક જાનને લૂટી લીધી હતી. ઉલ્લેખનીય છે કે લૂંટારુંઓએ કન્યાનું અપહરણ કરી ફરાર થઈ ગયા હતા સૂત્રો મુજબ ફતેહપુરા જતી જાનને વહેલી સવારે ૫ વાગ્યાની સુમારે લૂંટારુઓ આવીને આઈ ૨૦ કારમાં બે સેલાવર અને કન્યા પાસેથી આશરે ૮ થી ૧૦ લાખ રૂપિયા લૂંટી લીધા હતા. લૂટ દરમિયાન એક લૂંટારૂના પર રૂમાલ નીકળી જતાં સોના ચાંદીના ઘરેણા પહેરેલી કન્યા તેને ઓળખી ગઈ હતી અને તેણી બોલી ગઈ હતી કે હુ તોક્ષને ઓળખું છે. જેથી લૂંટારુઓએ સાથે કન્યાને પણ પોતાની સાથે સાથે લાવેલ જીપના બેસાડી અપહરણ કરી ફેરાર થઈ ગયા હતા. આ બાદ સમગ્ર ઘટનાની પણ દાહોદ અને પંચમહાલ પોલીસ સ્ટેશને કરતાં પોલીસે લૂંટારુ ગેંગને પકડવા માટે ચક્રો ગતિ માન કર્યા છે. આજ સવાર થી પંચમહાલ જીલ્લામાં આ ઘટનાની ચર્ચા ગરમાઈ રહ્યું છે. અને લોકો એ પોતાની સુરક્ષાનો સવાલ ઉઠાવી રહ્યા છે.

કન્યા લૂંટારુઓને ઓળખી જતા તેનું પણ અપહરણ કરાયું

મોડાસાની ૮.૫૦ લાખની ચોરીમાં કર્મચારીની ધરપકડ

મોડાસામાં રામભાઈ માવાવાળાની દુકાને થયેલ રૂ. ૮.૫૦ લાખની માતબર રકમની ચોરીમાં દુકાનમાં કામ કરતા ઈત્મિયાઝ ગુલામહુસેન છાપરાની પોલીસે શંકાના આધારે પુછપરછ કરતા તેણે ચોરી કર્યાની કબૂલાત કરી લીધી હતી. આમ, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરીએ માત્ર ૬ કલાકમાં જ ચકચારભરી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

ઊંઝાના દાસજ ગામે આંગણામાં સુતેલી મહિલાના દાગીના ચોરાયા

ઊંઝા, તા.૧૬

ઊંઝા તાલુકાના દાસજ ગામે રબારીવાસમાં રાત્રિના સમયે ઘરનાં આંગણામાં પરિવારજનો સાથે સુતેલા એક વૃદ્ધા પર કોઈ ઈસમોએ નશાયુકત પાવડર છાંટી તેઓને બેભાન બનાવી બંને કાનમાંથી સોનાની આંગડીયોની ચોરી કરીને કયાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બનેલ છે.

શામળાજી પાસે રતનપુર નજીક કાર ડીવાઈડર પર ચઢી જતાં બે ના મોત : ત્રણ ઈજાગ્રસ્ત

શામળાજી, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા રતનપુર નજીક અમદાવાદના યુવાન મિત્રોની કારના ચાલકે પુરઢડપે કાર હંકારી ગફલતભરી રીતે ડિવાઈડર પર ચઢાવી દેતાં કારમાં સવાર ૫ યુવાનો પૈકીના ૨ યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ, જ્યારે ત્રણ ઈજાગ્રસ્ત યુવાનોને સારવા અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અમદાવાદ શહેરના યુવાનમિત્રો અમદાવાદથી ફરવા માટે ઉદેપુર ગયા હતા. જ્યાંથી ગઈકાલે બપોરના સમયે ઉદેપુરથી અમદાવાદ પરત ફરી રહ્યા હતા ત્યારે શામળાજીથી ૧૨ કિ.મી. રાજસ્થાન રાજયમાં સરહદમાં આવેલા લહેરાઘાંટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કારચાલકે (ગાડી નં. જીજે-૧આર.આઈ.૯૪૦૮)ના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં કારમાં મુસાફરી કરી રહેલા બે યુવાનો રાજેન્દ્ર રાણાપ્રતાપ રાજપુત ઉં.૩૬ વર્ષ (રહે. નરોડા, અમદાવાદ) અને નરેશભાઈ પોકારામ ડાંગી ઉં.વ. ૩૦ વર્ષ (રહે. ઉદેપુર રાજસ્થાન)ને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ યુવાનો નિલેષ સુભાષભાઈ ભાવસાર, હર્ષદભાઈ પટેલ અને દેવાંગ પટેલ (ત્રણેય રહે. અમદાવાદ)ને શરીરે ઈજાઓ પહોંચી હતી. નેશનલ હાઈવે નં. ૮ પર થયેલા અકસ્માતના પગલે અહીથી પસાર થઈ રહેલા વાહનચાલકોએ ત્રણેય ઘાયલ યુવાનોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.

આણંદમાં એક સાથે છની સ્મશાન યાત્રા

અમદાવાદ, તા.૧૬

આણંદ અકસ્માતમાં મૃત્યુ પામેલા છ લોકોના આજે અંતિમ સંસ્કાર બપોરના ગાળા બાદ કરાયા હતા જે દરમિયાન કરૂણ દેશ્યો સર્જાયા હતા. સ્મશાન યાત્રામાં ૯૦૦થી વધુ લોકો જોડાયા હતા. અત્રે નોંધનીય છે કે, શહેરના એકસપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત જોવા મળે છે. પરંતુ એકસપ્રેસ હાઈવે પર આ ગમખ્વારને લીધે એક કુંટુબન વધુ ૬ના મોત થતાં ચકચારી મચી જવા પામી છે. અમદાવાદના એક પરિવારને ગઈકાલે એકસપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત થતાં છ લોકોના કરુણ મોત નિપજ્યુ હતું. શહેરના ગળોશનગર વાસણાના આ પરિવાર મામેરુ કરીને પાછા ફરી રહ્યા હતા તે દરમિયાન આણંદ નજીક સામરખા હદમાંથી પસાર થતાં એકસપ્રેસ હાઈવે પર શુક્રવારની મોડી રાત્રે ત્વરિત ઝડપે જતી કાર આગળના કન્ટેનર સાથે ધડાકા ભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના છ વ્યક્તિના ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યુ હતું.

આગઝરતી ગરમી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સામાન્ય કરતાં ત્રણ ડીગ્રી વધુ હતી. ડીસા અને અમરેલી પણ ૪૪.૫ ડિગ્રી ગરમી સાથે ધમધમી રહ્યા હતા. જ્યારે સુરેન્દ્રનગરતો ૪૫.૩ ડિગ્રી ગરમીએ ભારે હાહાકાર ફેલાવી દીધો હતો.કંડલા એરપોર્ટ પર ૪૪.૮ અને રાજકોટ પણ ૪૪.૪ ડિગ્રી ગરમીથી શેકાઈ રહ્યા હતા.

રાજયમાં અમદાવાદ અન્ય જેવા શહેરોમાં જયાં જયાં પ્રાણી સંગ્રહાલય આવ્યા છે. ત્યાં પ્રાણીઓની ગરમીથી રક્ષા કરવા માટે તંત્ર દ્વારા વિરોધ વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ફરી એક વાર સમગ્ર ગુજરાત સહિત દીવ, દમણ, તથા દાદરા નગર હવેલી વિસ્તારમાં અગામી ૪૮ કલાક સુધી હીટવેવ કન્ડીશન રહશે. તેવી ચેતવણી જારી કરી છે. એટલે રાજયની પ્રજાને માથુ શેકી નાંખે તેવી કાળઝાળ ગરમીથી હજુ રાહત મળે તેવા કોઈ ચિહ્નો જોવા મળતા નથી. દેશના હવામાન વિભાગે અગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન દેશનાં દક્ષિણ તથા ઉત્તર પૂર્વના વિસ્તારોમાં સામાન્ય થી ભારે વરસાદની આગાહી કરી છે. અને રાજસ્થાનમાં ધૂળલરી આંધી ફૂંકાવવાની પણ ચેતવણી ઉચ્ચારી છે જ્યારે ગુજરાતનું આકાશ અગામી પાંચ દિવસ સુધી સ્વચ્છ રહશે. વાદળોના આગમન કે પ્રિન્મોન્યુન શાવરના કોઈ વર્તારો આવ્યો નથી.

આ સ્થિતિમાં રાજયની પ્રજાએ હજુ પણ કાળઝાળ ગરમી સામે કેટલાક દિવસો સુધી પડશે. રાજયના મુખ્ય શહેરોમાં આજે ગરમીનું આ મુખ્ય રહ્યું હતું.

ગાંધીનગરમાં હોસ્પિટાલીટી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

(ચાઈના એસોસિયેશન ઓફ સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસ)ના ડેપ્યુટી સેક્રેટરી જનરલ ગ્યુઓ ઝીશીન વચ્ચેઆ સમજૂતીકરારની આપ-લે કરવામાં આવી હતી. હજુ ગઈકાલે જ ભારત અને ચીન સરકારે ગુજરાતના ગ્રીફટ સીટીને પાઈલોટ સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. ત્યારે ગુજરાતમાં આધુનિક શહેરોના નિર્માણની દિશામાં આ એમઓયુ મહત્વપૂર્ણ બનવાનું છે. ઈન્ડેક્ષ-બી અને હોંગ બેંગ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટેના એમઓયુની અરવિંદ અગ્રવાલ અને હોંગ બેંગ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના ચેરમેન ગાઓ શીખાએ આપ-લે કરી હતી. ઈન્ડેક્ષબી અને ગ્વાંગડોંગ રીચવુડ ગ્રુપ વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ માટેના એમઓયુ કરવામાં આવ્યા હતા જે અન્વયે શક્યતાં ચકાસણી બાદ ગાંધીનગર ખાતે હોસ્પિટાલીટી અને ટુરિઝન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુરત ખાતે ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને કંડલા પોર્ટ અને દહેજ પાસે લોજિસ્ટીક પાકર્સના પ્રોજેકટ સ્થાપવામાં આવશે ઉદ્યોગ અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ અને ગ્વાંગડોંગ રીચવુડ ગ્રુપના ચેરમેન ડોંગ જુન વચ્ચે આ સમજૂતી કરાર થયા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને રીચવુડ ગ્રુપના ચેરમેન ડોંગઝુને આ અવસરે હોસ્પિટાલીટી અને ટુરિઝમ પ્રોજેકટ સંદર્ભે પરસ્પર ચર્ચા કરી હતી. ઈન્ડેક્ષ-બી અને સીનોફીન ગ્રુપ વચ્ચે ગુજરાતમાં બાયો વેસ્ટ અને સીટી વેસ્ટ આધારિત વીજ પ્રોજેક્ટસ સ્થાપવા માટેના એમઓયુ અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ અને સીનોફોન ગ્રુપના ચેરમેન લી કુન જુઆને કર્યા હતા. આ એમઓયુને પરીણામે ક્લીન એન્ડ ગ્રીન એનજીને પ્રોત્સાહન મળવા સાથે કચરાના યોગ્ય નિકાલ દ્વારા સ્વચ્છતા અભિયાનને પણ નવું બળ મળશે. ગુજરાતની સાંઘી ઈન્ડસ્ટ્રીઝ અને ચાઈનીઝ કંપની વચ્ચે સિમેન્ટ પ્લાન્ટના વેસ્ટ ગેસમાંથી વીજ ઉત્પાદન માટેના એમઓયુઆ અવસરે મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યા હતા.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

હું ઠાકોર કેતન માનાજી હવે ઠાકોર કેતન માનસિંહના નામથી ઓળખાઈશ

ઠાકોર કેતન માનસિંહ

૨-૫૭, વાણિયા વાસ,
ઈન્દ્રોડા, ગાંધીનગર
૭૬૯૮૭૪૩૧૪૩